: ઉમાંશંકરની ચિંતનરસિક ચિત્તહારી કવિતા :

નાની મોટી ૧૧૮ રચનાઓનો સંગ્રહ 'નિશીથ' ઉમાશંકરની કાવ્યસર્જનપ્રતિભાનો પૂરતો પરિચય આપી શકે તેવો પ્રતિનિધિસંગ્રહ છે. આખો સંગ્રહ મુખ્યત્વે ગેય રચનાઓ અને સોનેટ એ બે વિભાગોમાં સહેલાઈથી વહેંચી શકાય તેવો બન્યો છે. નવીનતા ઓ ગહનતા પૂર્વકનું સંવેદન આખા સંગ્રહમાંથી વાચક અનુભવી શકે તેમ છે.

અમસ્તીય ઉમાશંકરની કલા શિષ્ટ સ્વસ્થ આત્મચિંતન અને સૌંદર્યદર્શનમાં રાચનારી રહી છે. અને એની પ્રૌઢિ 'નિશીથ' માં જોઈ શકાય છે. 'નિશીથ'નું કોઈ કાવ્ય લેખકના ચિંતનની મુદ્રા ધાર્યા વિના પ્રગટયું નથી. આ ચિંતન ગમે તેટલું મૂલ્યવાન હોય, પરંતુ કવિતામાં હંમેશાં એ રસાત્મક થઈને જ આવ્યું છે એમ તો ન કહી શકાય ચિંતનાત્મક પ્રકૃતિના કવિની આ હંમેશની મર્યાદા ગણાય. ઊર્મિના ધોધમાર ઉછાળને એ કવિતામાં ધસમસવા । દે એ સ્વાભાવિક છે.

એમ કહેવાયું છે કે ઉમાશંકરે નર્મદથી ઠાકોર સુધીના મુખ્ય મુખ્ય કવિઓ ને કાવ્યપ્રવાહોનાં ગુણ, લક્ષણ આત્મસાત્ કરી લીધાં છે ને તેમને પોતાની પ્રતિભાથી વધુ ઉજ્જવલ બનાવ્યાં છે. કાવયના બહિરંગ પરત્વે થયેલા ને થતાં જતા પ્રયોગો સાથે સતત ચાલતા રહેવાની વૃત્તિ ઉમાશંકરે રાખી છે. કદાચ ભાવિ પેઢી એમને greatest common factor કહીને નવાજે તો ના નહિ !

ઉમાશંકરની કવિતા પર ગાંધીવિચારણા અને ઠાકરની કાવ્યરીતિ એ બંનેની ઘેરી અસર પડી જોઈ શકાય છે. શ્રી ઉમાશંકર ભાવના પરાયણ હોવા છતાં વાસ્તવાભિમુખ કવિ છે. 'આત્માનાં ખંડેર' સોનેટમાળામાં એમણે જ કહ્યું છે કે 'યથાર્થ જ સુપથ્ય એક'. ઉમાશંકરની આ યથાર્થપ્રિયતાએ એમની કલ્પનાને ભાવનાલોકોનાં ચિરનવીન તેજોમય સત્યોને આંબતી બહુ થવા દીધી નથી. યથાર્થને જ સપથ્ય એમણે માન્યો છે. ઠાકોરની અર્થઘન કાવ્યશૈલીએ એમને ખૂબ પ્રભાવિત કર્યા છે. આથી પ્રણયકાવ્યોમાં સુન્દરમ્ બતાવે છે તેવો મદલોલ ઉમાશંકર પ્રગટાવી શકતા નથી ને ચિંતનમાં જ સરી પડે છે. ઉમાશંકર મુખ્યત્વે ચિંતનોર્મિકાવ્યોના કવિ છે - સ્કોલર કવિ છે એમ કહેવું હોય તો ખુશીથી કહી શકાય.

એમની કાવ્યસૃષ્ટિ ક્ષુલ્લક તણખલાથી માંડીને નિશીથ જેવા અલૌકિક સત્ત્વ સુધી વિસ્તરેલી છે. એમનો સમભાવ વિશ્વનાં સચરાચર સત્ત્વો સુધી પહોંચ્યો છે એ ખરું પરંતુ એમનો કવિતાનો મુખ્ય સૂર માનવીય આત્મવિસ્તારનો જ છે. આત્મનિરીક્ષણવૃત્તિએ આ કવિને સદા જાગરૂક રાખ્યા છે. 'વિશ્વશાંતિ'થી 'વસંતવર્ષા' સુધીનો કવિનો વ્યકિતત્વ ઉન્મેષ જોતાં જણાય છે કે આ કવિ મુગ્ધતામાંથી સમજ તરફ તને કવિમાનવીયમાંથી માનવીકવિ તરફ ગતિ કરી રહ્યાં છે.

ઉમાશંકરની કવિતામાં હૃદયદ્રવ્યનો જેટલો ઉકળાટ નથી તેટલો મૂંઝવણ મંથનનો થથરાટ છે. બહિરંગી આકાર પરત્વે જોઈએ તો એમણે મૂંઝવણ મંથનનો થથરાટ છે. બહિરંગ આકાર પરત્વે જોઈએ તો એમણે મુકતક, સોનેટ, ગીત, લાંબા ચિંતનાત્મક કાવ્યો ને પદ્યરૂપકો આપ્યાં છે. ભાષા ને શૈલીમાં સરળતા અને પ્રૌઢતા બેય છે. સંસ્કૃતશબ્દલની ભરમાર ઉમાશંકરમાં ઘણી છે. 'વિરાટપ્રણય'ની પંકિત છે - 'પ્રચંડ પદતાલ તાંડવ પ્રપાત ઉલ્કા ઝરે' આવી સંસ્કૃતપ્રચુરતા ઉમાશંકરના છંદોબદ્ધ ચિંતનકાવ્યોમાં વિશેષ પ્રગટી છે. ભાષાશૈલી આવી ગંભીર મુદ્રા કાવ્યના ચિંતનવૈભવને લઈને પ્રગટી છે. ને જ્યાં જ્યાં પ્રગટી છે ત્યાં ત્યાં ઔચિત્યપ્રચુર પ્રગટી છે એની ના પડાય તેમ નથી. કવિની ચિંતનપરાયણ કવિતાને ગંભીરને ઠાવકી કરી દીધી છે.

પરંતુ છંદની પ્રવાહિતા આ કવિને સહજસાધ્ય છે. આથી જ ચિંતનના બોજથી લદાયેલી હોવા છતાંય પ્રકતઓ ચાતુર્યભરી જ લાગે છે ને કશા પણ અંતરાય વિના પ્રસન્ન ગંભીર પદે છંદની સીમાઓમાં કાવ્યપંકિતની ચિંતનલહરીઓ રહે છે. એમાં ધીરતા, સ્વસ્થતા અને મંથનાકુળતાનો ગંભીર મર્મર ઊઠતો સંભળાય છે.

નાનકડા સોનેટ કરતાં સોનેટમાળામાં ને લઘુ ઊર્મિકાવ્યો કરતાં લાંબી રચનામાં કવિને વિહરવાનું ઠીક ફાવે છે. આથી જ સુદીર્ઘ કાવ્યોમાં આ કવિનો સભગ સાક્ષાતકાર થઈ રહે છે. 'નિશીથ', વિરાટપ્રણય, 'મૃત્યુને', 'પાંચાલી', 'સીમાડાના પથ્થર પર', 'અન્નબ્રહ્મ', 'આત્માનાં ખંડેર' જેવી રચનાઓ આ વાતની પ્રતીતિ કરાવશે.

શ્રી ઉમાશંકરની કવિતાનું ચિંતન પાસું ઊર્મિની ઈયતા કરતાં વિશેષ સમૃદ્ધ લાગે છે. ચિંતન ઊર્મિપ્રેરિત ને ઊર્મિભીંજ્યું છે એટલે જ 'કવિતા' નામને લાયક છે. કીવનું ચિંતનવિશ્વ ઘણું વિશાળ હોવા છતાંય એક જ 'વિશાળ માનવ્ય'માં સમાઈ જતુંલાગે છે. શ્રી જયન્ત પાઠક કહે છે - ઉમાશંકરની કવિતામાં છેલ્લાં ત્રીસેક વર્ષના પ્રજાપુરુષાર્થની, પ્રજાની સિદ્ધિઓ અને નિષ્ફળતાઓની, તેની જાગૃતિની ને જડતાની નોંધ મળે છે.

'મનુષ્યે છાયેલી પ્રિયતર મને કુંજ' કહેનાર આ કવિનો માનવતાં પ્રેમ વ્યકત કરતું 'વિરાટ પ્રણય' એમની એક સિદ્ધિ છે. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કહે છે તેમ માનવસંસ્કૃતિનો સંક્ષિપ્ત ઈતિહાસ, તેમાં વણેલી સ્ત્રીત્વની લીલા અને કોઈ સ્ત્રી માટે કોઈપ્રેમીએ ન દાખવેલી એવી ભકિતરત્ય લીટીઓની પૃથ્વી, અનુષ્ટુની સુસંવાદી વિષાદમય ઘઢનજનક રચનામાં મન ભરી દે છે. પ્રો.ઠાકોરના 'આરોહણ' પછી કોઈ ગંભીર, ઉદાત્ત ને વિશાળ વિષયનું પ્રવાહી પૃથ્વીમાં નિરૂપણ થયું હોય તો 'વિરાટપ્રણય'માં માવસંસ્કૃતિને કવિએ સુંદરીનું રૂપક આપીને ચિંતનસભર કાવ્યમાં મૂર્તતાનો, પ્રત્યક્ષતાનો, સજીવતાનો અંશ ઉમેરીને સરસ નિરૂપણ કર્યું છે. આ કાવ્યમાં ઉમાશંકરનાં ચિંતન ને કલ્પના, વર્ણન ને ભાવના બળનું જે દર્શન મળે છે તે એમની અન્ય કૃતિઓમાં એકસાથે ભાગ્યે જે જોવા મળે છે.

કવિનો માનવતાપ્રેમ ઉપેક્ષિતો પ્રત્યેની સહનુંભૂતિમાં પણ વ્યકત થાય છે. 'પાંચલી' માં કવિ વસ્ત્ર વણતા મંજૂરોને પહેરવા વસ્ત્ર નથી એ સ્થિતિનું ડંખ વગર રોચક રીતે દર્શાવે છે. જોકે કાવ્યનો અંત ભાગ કાંઈક વાચાળ કે ભાષાણિયો લાગે તેવો છે. દીનદલિતી પ્રત્યેની કવિની સહાનુભુતિએ કવિને જીવનસૃષ્ટિના આદી ઉગમથી માંડીને તેનાં ભાવિ દર્શન સુધી પણ લઈ જવાનું કાર્ય કર્યું છે. 'અન્નબ્રહ્મ'માં કવિ નારાગર્ભથી જાગેલા આદિ જંતુનો વિકાસક્રમ આલેખે છે. મનુષ્યોનો ને સંસ્કૃતિનો વિકાસક્રમ એ આ કવિનો પ્રિય વિષય છે. 'અન્નબ્રહ્મ' સાથે સુન્દરમ્નું 'પાછી આવેલી ભૂખને અને રાજેન્દ્રનું માહરું છે અન્ન' કાવ્યો સરખાવવા જેવાં લાગે. ચિંતનની ગભીરિમા ઉમાશંકર વિશેષ પ્રગટાવી શકયા છે. સુન્દરમ્ રોમેન્ટીક રહ્યાં છે, તો રાજેન્દ્રમાં સ્વસ્થ રોમાન્સ પ્રગટયો છે. કવિના ચિંતનવૈભવની કાવ્યાત્મકતા માટે 'વિરાટ પ્રણય'ની સાથે આ કાવ્ય પણ ધ્યાનમાં લેવા જેવું છે. 'શ્વસે શૃંગે શૃંગે યુગયુગતણા શ્રાન્ત પડઘા' કહેનાર કવિએ માનવયુગના પડઘાઓનું ચિંતન ગર્ભ અનુરણન સારું કર્યું છે. નિશીથ નું જમા પાસું આવા ચિંતનોર્મિ કાવ્યો પર વિશેષ આધારિત છે.

પ્રકૃતિપ્રેમ પણ આ કવિને વિશેષ છે. પ્રકૃતિનું રુદ્રન્રમ્ય સ્વરૂપ 'નિશીથ' આ કીવએ લડાવી લડાવી ગાયું છે. આ ઉદ્‌બોધન Ode કાવ્ય ગુજરાતી કવિતાની એક અપૂર્વ રચના ગણી શકાય. એમાં કવિનાં કલ્પનાવૈભવ, વૃત્તપ્રભુત્વ ને ભાવનાપરાયણ જીવનસૃષ્ટિ ઉત્તમ આવિષ્કાર પામ્યાં છે. ભવ્યોન્નત વિષય ભવ્યોન્નત રીતે નિરૂપાયો છે. ભૂગોલાર્ધે પાયાની ઠેકલેતા, તેજોમઘની પામરી ફરકાવતા નિશીથના વર્ણનમાંય 'પાયે તારે પૃથ્વી ચંપાય મીઠું', સ્પર્શે તારે તેજ રોમાંચ દ્યૌને જેવા મુલાયમ રોમાંચને પણ ભૂલ્યા નથી. રુદ્રની આ રમ્યતાને ઉમાશંકરે ફકકડ ઉઠાવ આપ્યો છે. કવિના ચિંતનપરાયણ સ્વભાવે મારા દેશે શાશ્વતી શર્વરીકોમાં સરી પડવાનું વલણ દાખવ્યું છે. ને નિશીથમાં ઉષાના વૈતાલિકદર્શન કર્યા છે. 'સૌંદર્યો પી ઉરઝરણ ગાશે પછી આપમેળે' એમ કહેનાર આ કવિએ થુવેરકાંટાના દ્રવતા દૂધને પધરાવતાં 'જગનું બધુંયે સુંદર વીણ્યું' છે, મૃત્યુની ઝીકમાં મૂક ભાવનાઓના રણકાર પારખ્યાં છે...પિતા ને ભ્રાતાના મૃત્યુનિમિત્તક શોકોદ્‌ગારને સ્વસ્થતાથી કાવ્યમાં વહાવ્યા છે. મૃત્યુનિમિત્તક શોકોદ્‌ગારને સ્વસ્થતાથી કાવ્યમાં વહાવ્યા છે...લાગણીનો ઉદ્રેક આથી જ એ પ્રગટાવી શકતા નથી. એમનો પ્રણયભાવ નિરૂપતાં કાવ્યોમાં પણ એ જોઈ શકાય છે.

શૃંગારનાં સ્થૂળ વર્ણનોમાં કવિને રસ નથી. ઉમાશંકરની પ્રણય-કીવતામાં શાંત ઊંડા સરોજરજલની પ્રસન્નતા છે. સુન્દરમ્માં પ્રાપ્તિની ઝંખના ને આરત છે તો ઉમાશંકરમાં તૃપ્તિની પ્રસન્નતા છે. પ્રણયમાંય ચિંતનપરાયણતા તો ખરી જ !

આત્મલક્ષી, પરલક્ષી, પાત્રલક્ષી, સંવાદાત્મક, કથાત્મક ઊર્મિકાવ્યોનો ફાલ ઉમાશંકર. આપ્યો છે. એમાં કથાત્મક કાવ્ય માટે 'લૂલા આંધળાની નવી વાત' ધ્યાનપાત્ર છે તો પાત્રલક્ષી કાવ્યોમાં મોટે ભાગે એકોકિતઓ જ જોવા મળે છે. 'પુનમ મારી સ્મરણ ચડી આવે', 'નિશીથ', 'નંગા શિખર જેવાં ઉદ્‌ગારબોધનકાવ્યો પણ મળે છે'- સફળતા સાથે વિહરી છે. ચિંતન એ ઉમાશંકરની કોઈ પણ રચનાનું આવિભાજય અંગ છે. 'સદ્‌ગત

મોટાભાઈ' ને 'પિતાનાં ફૂલ'માં elegyના ભણકારા સાંભળી શકાય છે. પ્રસંગકાવ્યો પણ આ સંગ્રહમાં છે : 'સોના પગલી', 'વાંસળી વેચનારો જેવા'.

પ્રણયમાં ને પ્રકૃતિમાં, હર્ષમાંને વિષાદમાં આ કવિએ ચિંતનનો ધિંગો સાથ લીધો છે. ચિંતનપ્રધાન કાવ્યોને બાદ કરતાં ગીતો તરફ ધ્યાન જાય. ઊર્મિ ઊછળતો ઉપાડ, ઊર્મિનું સાદ્યંત તીવ્ર સ્વરૂપે નિર્વહણ, કાવ્યનો ઉન્નત વિલાસ આ કવિની ગીતરચનઓમાં કોઈચમતકૃતિ કે પ્રતિભા દર્શાવતો નથી. 'વસંતવર્ષા'માં ગીતરચનાઓ ધ્યાનપાત્ર છે ખરી. પરંતુ 'નિશીથ' તો ચિંતનલીલા જ વિશેષ છે.

લેખકની શૈલી સીધી ને સરળ છે. શ્રી નરસિંહરાવ કહે છે તેમ તેમની ભાષાશૈલી સાક્ષાત્ પ્રવર્તન છે. કવિ પોતાના ભાવ ને ભાવનાના આવિષ્કરણ માટે આડાઅવળા પ્રકાશન માર્ગ શોધતો નથી, વકતવ્ય તરફ સીધું પ્રમાણ કરે છે.

ઉમાશંકરનાં કાવ્યો બુદ્ધિપ્રેરિતને બુદ્ધિસ્પર્શી છે. હૃદયનો સ્પર્શ એમાં ગૌણ સ્થાને છે. એક બુદ્ધિજીવી હૃદયના ઉદ્ગારો શાં ઉમાશંકરનાં કાવ્યો ચિંતનની પારદર્શકતા ને સ્વસ્થતા માટે આકર્ષે તેવાં બળવાન છે એની ના નહિ. ચિંતનની પ્રૌઢિ, સુકુમારતા ને પ્રફુલ્લતા જેટલી ઉમાશંકરમાં છે તેટલી કદાચ બીજા કવિમાં નથી. અર્થઘન કાવ્યોનો ઠાકોર પ્રેર્યો રાજમાર્ગ ઉમાશંકરની કાવ્યઘટાથી રળિયામણો ને નયનાભિરામ બન્યો છે.

- ડૉ. અમી. એલ. રાવલ
શ્રી એમ.પી શાહ આર્ટસ્ એન્ડ સાયન્સ કોલેજ,
સુરેન્દ્રનગર

....